સ્વામિનારાયણ ભગવાનનાં

# અલૌકિક ચરિત્ર

ભાગ : ૧





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુકતની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુકતો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રકતદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

*સ્વામિનારાયણ ભગવાનનાં*

# અલૌકિક ચરિત્ર

## ભાગ : ૧

### લેખન કાર્ય

**સાહિત્ય લેખન વિભાગ**

**પ્રકાશક**

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**


**સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૪૨૧**

Swaminarayan Bhagwan na

**Alaukik Charitra** Part : 1 (Gujarati Edition)

| | | |
|---|---|---|
| **Written by** | : | Sahitya Lekhan Vibhag |
| **Presented by** | : | Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) |
| **Founder** | : | HDH Devnandandasji Swamishri |
| **Inspirer** | : | HDH Satyasankalpdasji Swamishri |
| **Publisher** | : | Satsang Sahitya Department<br>Swaminarayan Dham, Gandhinagar 382421<br>Phone : 9925237004<br>Email : ssd@in.smvs.org |
| **Edition** | : | First, March-2026 |
| **Copies** | : | 3000 copies |
| **ISBN** | : | 978-81-979369-0-6 |
| **રજૂકર્તા** | : | સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS) |
| **આદ્ય સ્થાપક** | : | શુદ્ધ ઉપાસના પ્રવર્તક પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી) |
| **પ્રેરક** | : | પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) |
| **આવૃત્તિ** | : | પ્રથમ, માર્ચ–૨૦૨૬ |
| **પ્રત** | : | ૩૦૦૦ નંગ |
| **મૂલ્ય** | : | ૪૨/- **સેવા મૂલ્ય :** ૨૫/- |
| **મુદ્રક અને પ્રકાશક** | : | સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,<br>સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર – ૩૮૨૪૨૧ |

## ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ



આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી છે. તેમનું સર્વોપરીપણું ફલિત કરતાં અનેક ચરિત્રોમાંના કેટલાક ચરિત્રોનું સુંદર શૈલીમાં આ પુસ્તકમાં આલેખન કરેલ છે. તેઓ મનુષ્ય જેવા હતા નહિ, પ્રતિમા જેવા છે નહિ, કેવળ દિવ્ય મૂર્તિ છે. તેથી તેમનાં ચરિત્રો પણ દિવ્ય જ હોય ને !! સ્વામિનારાયણ ભગવાન શાંતિ અને સુખનો સાગર છે તો તેમનાં ચરિત્રો પણ સુખ અને શાંતિ દેનારાં જ હોય ને ! તો વ્હાલા મુક્તો, સ્વામિનારાયણ ભગવાનના અલૌકિક ચરિત્રોને માણવાની સુંદર તક આ પુસ્તક પૂરી પાડે છે. તો તેનું ખાસ વાંચન-શ્રવણ-મનન કરવું. એ ચરિત્રોનું ચિંતવન કરવું તો વગર ધ્યાને શાંતિનો અનુભવ થશે. જેને જ્ઞાન-ધ્યાને કરી પાત્રતા વધારવામાં પનો ટૂંકો પડતો હોય તેણે મહારાજના ચરિત્રોનું સ્મરણ કરી પાત્રતા વધારવી. જે મહારાજના મહિમાસભર થઈ, શ્રદ્ધાપૂર્વક આ પુસ્તકમાં આલેખાયેલ ચરિત્રોનું વાંચન-શ્રવણ-ચિંતવન કરશે તેને કાળ, કર્મ, માયાના વિઘ્નોથી પર થઈ અવશ્ય દિવ્ય શાંતિનો અનુભવ થશે. તેથી જ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ હરિસ્મૃતિમાં કહ્યું છે,

"ચરિત્ર સર્વ ચિંતવી, મૂરતિ ધારે મન; કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન."

સ્નેહ સાધુ સત્યસંકલ્પદાસના

જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

દરેકના અંતરની ઈચ્છા છે...
પરમ શાંતિને પામવાની,
દિવ્ય આનંદમાં ડૂબવાની,
અંતરનો ઉદ્વેગ ટાળવાની.
વ્યક્તિ શોધે છે તેને...
ભૌતિક સુખ-સગવડોમાં,
મનોરંજનના સાધનોમાં,
હરવા-ફરવામાં, મોજમજામાં.
પણ ક્ષણિક સુખ-શાંતિ પછી...
નર્યો દુઃખનો જ અનુભવ,
ઉદ્વેગ-અશાંતિ અને અથડામણ,
ચિંતા અને તણાવયુક્ત જીવન.
તો શાંતિ પામવાનો છે કોઈ ઉપાય ?
હા...

એક વખત સદ્. મુક્તાનંદ સ્વામીએ આપણને શાંતિનો ઉપાય જણાવવા શ્રીહરિને પૂછ્યું, “હે મહારાજ ! આપે કૃપા કરી આપનું સ્વરૂપ ઓળખાવ્યું, કલ્યાણનો રાજમાર્ગ બતાવ્યો છતાં અંતરમાં અશાંતિ અને અસુખ વર્તે છે તો અંતરમાં શાંતિ થાય તેનો ઉપાય બતાવો.” ત્યારે

શ્રીહરિ બોલ્યા, "અમે છપૈયામાં પ્રગટ થયા, બાળચરિત્રો કરી અસુરોનો પરાભવ કર્યો, માતાપિતાને દિવ્ય ગતિ પમાડી ગૃહત્યાગ કર્યો, સાત વર્ષ વનવિચરણમાં અનેક જીવનાં કલ્યાણ કરી લોજપુરને વિષે આવ્યા... આવા અમારા ચરિત્રનું ગાન કરવાથી અંતરમાં શાંતિનો અનુભવ થાય છે." આવી રીતે શાંતિનો ઉપાય ચરિત્રનું ગાન જ કહ્યો.

પ્રશ્ન થાય શાંતિનો ઉપાય ધ્યાન નહિ પણ ચરિત્રનું ગાન કેમ કહ્યું ? તો સર્વાવતારી અનંતકોટિ બ્રહ્માંડના નાથ સ્વયં શ્રીહરિએ અવરભાવમાં મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપ્યા છતાં તેમના ચરિત્રોમાં નર્યો દિવ્યભાવ જ ઝરતો હોય. તેમના ચરિત્રોમાં જ તેમની સર્વોપરીતાનાં દર્શન થતાં હોય. એવા દિવ્ય અલૌકિક ચરિત્રોનું વાંચન, શ્રવણ અને મનન કરવાથી ઉદ્વેગ શમી જાય છે. ઈન્દ્રિયો-અંતઃકરણના ભાવ બદલાઈ જાય છે. ચરિત્રોમાં સમાયેલા ઉપદેશ તથા આજ્ઞા વચનોથી ચૈતન્ય શુદ્ધ અને પવિત્ર બને છે. ચરિત્રો જ અધ્યાત્મ સાધક માટે સદ્‌ગુણ પ્રાપ્તિનો અને પરમાત્મા સાક્ષાત્કાર માટેનો સંદેશો બની રહે છે. માટે શ્રીહરિનાં ચરિત્રો પરમ શાંતિનું ઉદ્‌ગમબિંદુ છે અને શાશ્વત શાંતિનાં રાહબર છે. તેથી જ શ્રીજીમહારાજે સ્વમુખે ગઢડા પ્રથમના ૩જા તથા ૩૮મા વચનામૃતમાં મનને પોતાના ચરિત્રરૂપી જાળામાં ગૂંચવી મેલવાનો આગ્રહ સેવ્યો છે.

તેથી જ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ મૂ.નિ. પ.ભ. શ્રી અંબાલાલભાઈ પટેલને ઘનશ્યામ સામયિકમાં શ્રીહરિના ચરિત્રોનું લેખન કરવાની આજ્ઞા કરી હતી. ઈ.સ. ૧૯૯૪થી ૨૦૦૪ દરમ્યાન અલૌકિક ચરિત્ર લેખશ્રેણી હેઠળ ૬૭થી વધારે ચરિત્રોનું આલેખન થયું હતું. જેમાંથી

કેટલાંક સંકલિત ચરિત્રો આપણે આ ભાગમાં માણીશું.

પુસ્તકમાં આલેખાયેલા અલૌકિક ચરિત્રમાં શ્રીહરિની ભક્તવત્સલતા, સર્વોપરી સામર્થ્ય, દયાળુતા, ક્ષમાશીલતા તથા માનવતા જેવા અનેક કલ્યાણકારી ગુણોનું દર્શન થાય છે. આ પુસ્તકની લેખનશૈલીની સૌથી મોટી વિલક્ષણતા એ છે કે તેની સંવાદાત્મક લેખનશૈલી અત્યંત જીવંત છે. વાંચતી વખતે વાંચક પ્રેક્ષક મટીને જાણે જે તે પ્રસંગના પાત્ર બની ગયા હોય તેવો અનુભવ કરે છે. ચોંટદાર શૈલીમાં રજૂ થયેલ અલૌકિક ચરિત્રમાં શ્રીહરિના સર્વોપરીપણાની, અસાધારણ વ્યક્તિત્વની, દિવ્યતાની અનુભૂતિ થાય છે. એ વખતે આ શ્રેણી વાંચકોને ખૂબ પ્રિય બની હતી. બીજા મહિને વાંચકો સામયિકની વાટ જોતા રહેતા.

મૂ.નિ. પ.ભ. શ્રી અંબાલાલભાઈની અંતરની ઈચ્છા હતી કે આ લેખશ્રેણી પુસ્તક રૂપે પ્રકાશિત થાય. જેથી સમાજને શ્રીજીમહારાજના અપરંપાર મહિમાનો લાભ મળે. તેમની આ નિઃસ્વાર્થ રુચિને માન આપી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ લેખોને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાનો દિવ્ય સંકલ્પ કર્યો. આજે એ સંકલ્પ સાકાર થતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પરમ શાંતિના ખોજી અને આનંદની અનુભૂતિ કરવા ઈચ્છતા મુમુક્ષુને શ્રીહરિના અલૌકિક ચરિત્રનું આ પુસ્તક સંજીવનીરૂપ બનશે. માટે વારંવાર તેનું વાંચન-મનન કરીએ એ જ અભ્યર્થના.

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા


૦૧. એ હડકાયાઓ, જિંદગીમાં કદી લાડુ ભાળ્યા છે...?...? ૦૯

૦૨. કપડાંની નૌકાથી સરિતા વિહાર ક... ર્યો...??? ૧૬

૦૩. એક જ દિવસમાં ભગવાનના પદથી ધરાઈ ગયા ? ૨૩

૦૪. કેમ છે ભાઈબંધ ? ૨૮

૦૫. તમારી શેઠિયાઓની તો શાખ ચાલે; ખરું ને ! ૪૦

૦૬. ચોરી લાવ્યો માણકી, પણ નીકળી ગ...ધે...ડી...!!! ૪૮

૦૭. મદિરાથી ચકચૂર જોઈ પાછા વળ્યા, પણ
અદ્‌ભુત કૃપા વ...ર...સા...વી... ૬૧

૦૮. પોતાના ડંગોરાએ જ તાંત્રિકનું માથું ફો... ડ... યું... યું...!! ૭૦

૦૯. શ્રીજીમહારાજને કેદ કરવા ગયા પણ પોતે જ કેદી બન્યા ૮૮


૧૦. એકડા વિનાનાં મીંડાં...ડાં...ડાં... ૧૦૬

૧૧. મૂઆ કેડ્યે થયો કાળો નાગ..!..! ૧૧૭

૧૨. પ્રસાદીની સુખડીના ઢેફાએ રંગ રાખ્યો ! ૧૨૫

## પદ : ભલે આવ્યા...

ભલે આવ્યા ધર્મજીના લાલ, મૂર્તિ આપી તમારી;
પરચા આપી બનાવ્યા ન્યાલ, મૂર્તિ આપી તમારી...ટેક
અક્ષરધામથી 'ઘનુ' રે પધાર્યા, પ્રેમીના કોડ પૂરી જન્મ સુધાર્યા;
હેતે હાથ ઝાલી હરિરાય...મૂર્તિ ૦૧
ઘેર ઘેર ફરી મુમુક્ષુને શોધી, શરણે લઈને સહાય તેની કીધી;
બની પ્રભુ માણકીના સ્વાર...મૂર્તિ ૦૨
ભીડ પડે પ્રેમી ભક્તોને જ્યારે, વ્હારે આવે મહેર કરી ત્યારે;
બતાવી પરચા ચમત્કાર...મૂર્તિ ૦૩
જન્મોજન્મનું દુઃખડું રે કાપ્યું, તપ તીરથનું ફળ મુને આપ્યું;
હરિવર નોંધારાના આધાર...મૂર્તિ ૦૪
બિરદ જાણી હરિએ ગુના માફ કીધા, પોતાના જાણીને મૂર્તિમાં લીધા;
કરે દાસાનુદાસ નમસ્કાર...મૂર્તિ ૦૫



# એ હડકાયાઓ, જિંદગીમાં કદી લાડુ ભાળ્યા છે...?...?

“બધું ઉજ્જડ કરવા અહીં આવ્યો છે ? હવે આપણે શું ખાઈશું ? નીકળી જા અહીંથી...” મહંત આત્માનંદે ગુસ્સે થઈને સરજુદાસને કહ્યું.

આ પ્રસંગ માંગરોળનો છે. ત્યાં ખાખ ચોકમાં પરોક્ષનું સ્થાન હતું. તેમાં આત્માનંદ પરોક્ષના મહંત હતા. ત્યાં રામાનંદ સ્વામીએ સદાવ્રત શરૂ કરાવ્યું હતું. સદાવ્રતમાં આત્માનંદ અને તેમના સાધુઓ પહોંચી વળતા ન હતા. તેથી તેમણે લોજમાં ચાલતા રામાનંદ સ્વામીના આશ્રમના મહંત સદ્. મુક્તાનંદ સ્વામીને ખબર મોકલ્યા કે, “સદાવ્રતમાં અમે પહોંચી વળતા નથી. માટે અમને મદદ માટે બે-ચાર તમારા સાધુઓને મોકલી આપશો.”

વર્ષ હતું સંવત ૧૮૫૬નું. માસ હતો ભાદરવો. તે જ વર્ષે શ્રાવણ વદ છઠને રોજ નીલકંઠ વર્ણી રૂપે શ્રી સ્વામિનારાયણ ભગવાન વનવિચરણ કરતાં કરતાં લોજ પધાર્યા હતા. સદ્. મુક્તાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીના જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ

શું છે ? તે પ્રશ્નના જવાબ આપ્યા. તેથી નીલકંઠ વર્ણી સંતુષ્ટ થયા અને સદ્. મુક્તાનંદ સ્વામીને આ જ દેહે ભગવાન મેળવવાની તીવ્ર ઝંખના હતી તે પૂરી કરવા તેમના આશ્રમમાં રહ્યા.

નીલકંઠ વર્ણી લોજના આશ્રમમાં રહી સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞા મુજબ દરેક પ્રકારની સેવા કરતા. તેમની સેવાથી સદ્. મુક્તાનંદ સ્વામી અને આશ્રમના બધા સંતો પ્રભાવિત થતા. આ વિશિષ્ટ પ્રકારના વર્ણીનું નામ સરજુદાસ (સરયૂ નદીના પ્રદેશમાંથી આવેલા હોવાથી) પાડેલું. સદ્. મુક્તાનંદ સ્વામીએ સરજુદાસ અને તેમની સાથે બીજા ત્રણ સંતોને માંગરોળ આત્માનંદ સ્વામીના સદાવ્રતમાં મદદ કરવા મોકલેલા.

સરજુદાસને આવો સેવા ધર્મ વધુ ગમતો. અન્નાર્થીઓને અન્નદાન આપવું તેને તેઓ એક મોટી સેવા માનતા. માંગરોળ આવી તેઓ આત્માનંદની આજ્ઞા મુજબ સેવા કરવા લાગી ગયા.

આત્માનંદ લોભી હતા. વળી તેઓ પંક્તિભેદ કરતા. યાચકો અને અન્નાર્થીઓને તેઓ રોટલા ને દાળ કે શાક આપતા. આશ્રમમાં લાડુ, જલેબી, સાટા, મોહનથાળ આદિ મિષ્ટાન્નો બનાવેલાં હોય કે બીજી કોઈ વાનગી બનાવી હોય તો તે યાચકોને નહોતા આપતા. આવો પંક્તિભેદ સરજુદાસને ન ગમ્યો. થોડા દિવસ તો સરજુદાસે આ બધું જોયા કર્યું. વળી, આત્માનંદ આશ્રમમાં સૌને જમતાં એઠાં જૂઠાં વધેલાં દાળ કે શાક પણ યાચકોને અપાવતા. તેથી સરજુદાસને દુઃખ થતું. સરજુદાસ લોભ અને પંક્તિભેદના વિરોધી હતા. પણ અહીં મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી આવેલા એટલે શું થાય ? વળી, સદાવ્રતમાં અન્ન ઓછું હોય અને યાચકો વધારે હોય તો તેમને થોડું થોડું મળતું તેથી તેઓ ભૂખ્યા રહેતા. એટલે સરજુદાસ તેમને ધરાય તેટલું આપી દેતા. તેથી આશ્રમના માણસો માટે ખૂટી પડતું પરિણામે તેમને કાં તો ભૂખ્યા રહેવું પડતું કાં ફરી બનાવવું પડતું.

પરંતુ યાચકોને પેટ પૂરતું અન્ન મળી રહેતું. તેથી તેઓ આ નવા આવેલા સરજુદાસ પ્રત્યે માનની દૃષ્ટિથી જોતા. કોઈક વાર સરજુદાસની જય પણ બોલાવતા. આ જોઈ આત્માનંદ મનમાં ખેદ પામતા. તેમને ક્રોધ આવતો. પરંતુ ગુસ્સો અંદર જ સમાવી દેતા.

થોડા દિવસ પછી દિવાળીના તહેવારો આવ્યા. અન્નકૂટનો દિવસ આવ્યો. અન્નકૂટ ધામધૂમથી ઊજવાયો. તે દિવસે આશ્રમમાં વિવિધ પ્રકારનાં પકવાનો, મીઠાઈઓ, ફરસાણો, શાકભાજીઓ વગેરે બનાવવામાં આવ્યાં. યાચકો પણ તહેવાર ને અન્નકૂટ પ્રસંગ જાણી ખૂબ આવ્યા. તેમને પણ 'આજે તો પકવાનો જમવા મળશે' તેવી આશા અને ઇંતેજારી હતી. અન્નકૂટનો પ્રસંગ પત્યા પછી આશ્રમમાં અને બહાર યાચકો અને

અન્નાર્થીઓનાં ટોળાં આવેલાં. આત્માનંદ માંગરોળ શહેરમાં શેઠ-શાહુકારોને પ્રસાદી આપવા જવા તૈયાર થયા. મીઠાઈઓના બે-ચાર ટોપલા પોતાના બે સાધુઓ પાસે લેવડાવ્યા અને જતા પહેલાં સરજુદાસને કહ્યું, ‘‘અન્નાર્થીઓને મિષ્ટાન્ન કે કોરી પ્રસાદી ન આપતા. ભીનું – દાળ, ભાત, શાક, રોટી વગેરે આપજો.’’ એમ કહી તેઓ શહેરમાં ગયા.

સરજુદાસને દિવાળી જેવા તહેવારે સારા મિષ્ટાન્નની લાલચે આવેલા યાચકોને જોઈ તેમને રાજી કરવાનું દિલ થયું. તેમણે તો યાચકોને દરેક પ્રકારની મીઠાઈ, ફરસાણ, બાસુંદી, દૂધપાક વગેરે પીરસી તેમનાં વાસણો છલકાવી દીધાં. તેથી યાચકો, અન્નાર્થીઓ ખુશ ખુશ થઈ ગયા. તેમણે ‘સરજુદાસની જય હો, જય હો...’ એવા જયઘોષ કર્યા અને રાજી થતાં થતાં ચાલ્યા ગયા. પરંતુ આશ્રમમાં તો બધી મીઠાઈઓ, ફરસાણો વગેરેનાં ટોપલા, તાસો, તપેલાં ખાલીખમ થઈ ગયાં.

આત્માનંદ શહેરમાંથી આવ્યા. તેઓ રસોડામાં ગયા ત્યારે બધાં વાસણો ખાલી જોયાં. કોઈ મિષ્ટાન્ન કે ફરસાણ વધેલાં જ નહીં. થોડુંઘણું શાક, દાળ, ભાત વધેલાં જોયાં. તેથી તે ક્રોધાયમાન થઈ ગયા અને સરજુદાસ પાસે આવી તાડૂક્યા, ‘‘કોરી પ્રસાદી, મિષ્ટાન્ન વગેરે ક્યાં ગયું ?’’

‘‘આજ તો અન્નકૂટ હતો. તેથી યાચકોની સંખ્યા ખૂબ આવી હતી. તેથી તેમને જમાડી દીધું.’’ સરજુદાસે ઉત્તર આપ્યો.

‘‘હવે આપણે શું ખાઈશું ? અહીં બધું ઉજ્જડ કરવા આવ્યો છે ? નીકળ અહીંથી. ચાલ્યો જા અહીંથી. બધું ભેળાવી દીધું ? તને કહીને તો હું ગયો હતો.’’ આત્માનંદનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. તેથી સરજુદાસ આશ્રમમાંથી નીકળી ગયા અને માંગરોળની વાવ પર જઈને બેઠા.

થોડી વાર થઈ એટલે ત્યાં ગોરધનભાઈ શેઠ આવ્યા. તેમણે સરજુદાસને વાવ પર એકલા બેઠેલા જોઈ પૂછ્યું, ‘‘અહીં કેમ બેઠા છો ?’’ સરજુદાસે બનેલી વિગત કહી. ગોરધનભાઈ સરજુદાસનું સામર્થ્ય, ઐશ્વર્ય વગેરે જાણતા હતા. તે રામાનંદ સ્વામીના જૂના અને સમાધિવાળા શિષ્ય હતા. તેથી તેઓએ સરજુદાસને પોતાને ત્યાં આવવા કહ્યું. પરંતુ સરજુદાસે તેમને કહ્યું, ‘‘તમે મંડપનો સામાન અને સીધું-સામગ્રી લાવો તો આપણે અહીં સદાવ્રત શરૂ કરીએ. બિચારા યાચકો આત્માનંદના આશ્રમમાં પેટ પૂરતું અન્ન પણ પામતા નથી.’’ ગોરધનભાઈ શેઠે લોજના આશ્રમમાં સરજુદાસના કેટલાક પરચા જોયેલા. વળી, પોતાની ફોઈએ રામાનંદ સ્વામીએ તેમને મૂકવા આપેલો સોનાનો પાસો પરત ન આપ્યો તે કારણે તે નરકમાં ગયેલાં. તેમનો વર્ણી વેષે પધારેલા આ નીલકંઠે (સરજુદાસે) ઉદ્ધાર કરેલો તેનો પોતાને અનુભવ હતો. તેથી સરજુદાસની શક્તિનો તેમને

ખ્યાલ હતો. માટે ગોરધનભાઈ મંડપનો સામાન તથા સીધું-સામગ્રી લઈ આવ્યા. સરજુદાસે મંડપ બાંધી દાળ-રોટલાનું સદાવ્રત ચાલુ કર્યું.

આત્માનંદને તેની જાણ થઈ. તેથી તે બળવા લાગ્યા. તેમના રોમ રોમમાં ઈર્ષ્યા પ્રજળી ઊઠી. અન્નદાન કે અભયદાનનાં જેટલાં સ્થળો વિશેષ થાય તેટલો લોકોને વધુ લાભ થાય તેવો સવળો વિચાર તેમને ન આવ્યો. પરંતુ 'મારી હરીફાઈમાં આ સરજુદાસે સદાવ્રત ખોલ્યું' તેવો અવળો વિચાર આવ્યો. સરજુદાસમાં એવો કોઈ હરીફાઈનો ભાવ ન હતો. કેવળ પરમાર્થનો જ ભાવ હતો. વળી, સદાવ્રતમાં જે કોઈ પોતાની દૃષ્ટિમાં આવે, પોતાના હાથની પ્રસાદી જમે તે બધાનાં કલ્યાણ કરવાની ભાવના હતી. તેથી સરજુદાસે આત્માનંદની ઈર્ષ્યાની પરવા કર્યા સિવાય સદાવ્રત ચાલુ રાખ્યું.

સરજુદાસને ફજેત કરવા, બદબોઈ કરવા અને તેમનું સદાવ્રત કઈ રીતે બંધ થાય તે માટે આત્માનંદ પોતાના સદાવ્રતમાં આવનાર બધા અન્નાર્થીઓ-યાચકોને સરજુદાસના સદાવ્રતમાં ધકેલતા. સરજુદાસ બધા અન્નાર્થીઓને પ્રેમપૂર્વક પોષતા. દાળ-રોટલામાં સરજુદાસે એવો સ્વાદ મૂક્યો કે અનેક મિષ્ટાન્નનો તેમાંથી સ્વાદ આવવા લાગ્યો. તેથી એક વાર તેમની પાસેથી અન્ન લેનાર પોતે તો ફરીથી આવે પણ બીજા યાચકોને પણ લેતા આવે. આમ, દિવસે દિવસે અન્નાર્થીની ભીડ વધતી જતી હતી. અન્નાર્થીઓ જમીને "સરજુદાસની જય હો, જય હો. તમને ઘણી ખમ્મા, ઘણી ખમ્મા..." એમ તેમની જય બોલાવતા અને ખુશ થતાં થતાં ચાલ્યા જતા હતા. આમ, સરજુદાસની પ્રતિષ્ઠા અને ખ્યાતિ વધતી ગઈ. તેથી આત્માનંદ ખૂબ જ ચિડાયા. ઈર્ષ્યાની આગે તેમને ચોમેરથી ઘેરી લીધા.

એક વાર માંગરોળના આગેવાન બ્રાહ્મણો આત્માનંદ પાસે આવ્યા. અને તેમની પાસે ચોરાશી કરવાની માગણી કરી. આત્માનંદ ગુસ્સામાં તો હતા જ. તેથી આ તક ઝડપી તે બોલ્યા, "જાઓ ઓલ્યા સરજુદાસ પાસે. તે તમને ચોરાશી જમાડશે." બધા વિપ્રો સરજુદાસ પાસે આવ્યા અને તેમની આગળ ચોરાશી જમાડવાની માગણી કરી. સરજુદાસે ગોરધનભાઈ શેઠને કહ્યું, "આ બિચારા બ્રાહ્મણોને ચોરાશી જમવી છે. જો તમે સીધું-સામાન લાવો તો આપણે તેમને જમાડીએ." ગોરધનભાઈ બોલ્યા, "આપણી પાસે ક્યાં એટલી મૂડી છે? આપણે આ સદાવ્રતમાં દાળ-રોટલા જ માંડ આપીએ છીએ. ને ચોરાશીમાં ચોરાશી જ્ઞાતિના અનેક બ્રાહ્મણો આવશે, તેમને લાડુ કઈ રીતે પૂરા પાડીશું?" સરજુદાસે તેમને સમજાવતાં કહ્યું, "આપણા હેતવાળા હરિભક્તો પાસેથી સામગ્રી ઉઘરાવો. જે મળે તે લાવો. બીજું તો ભગવાન પૂરું કરશે. આપણા સર્વ કર્તા ભગવાન છે." શેઠને સરજુદાસમાં વિશ્વાસ હતો. તેથી શહેરમાં ગયા. સૌ હેતવાળા હરિભક્તોને ચોરાશીની



વાત કરી. સૌએ શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે પૈસા અને સીધું-સામગ્રી આપ્યાં. સામગ્રીના ઢગલા થઈ ગયા.

સરજુદાસે બ્રાહ્મણોના આગેવાનોને બોલાવી ચોરાશી આપવાનું નક્કી કર્યું. ફક્ત માંગરોળના જ નહિ પણ આજુબાજુ દસ દસ ગાઉ દૂર સુધીના બ્રાહ્મણોને જેમને જેમને ખબર પડી તેઓ ચોરાશીમાં આવ્યા. સરજુદાસે બધા આગેવાનોને કહ્યું, "જુઓ, આ સીધું-સામાન – ઘી, દાળ, ચોખા, ઘઉંનો લોટ, ખાંડ, ગૉળ, મસાલા આદિ તૈયાર છે. આવતી કાલે સૌ આવી પોતપોતાના ચોકે રસોઈ શરૂ કરો."

**સ્વામિનારાયણ ભગવાનનાં**


# અલૌકિક ચરિત્ર

**પરમ શાંતિ પામ્યાનો શ્રેષ્ઠ ઉપાય**


**"અલૌકિક ચરિત્રનો આ તો માત્ર પ્રારંભ છે..."**

સહજાનંદી સુખની હેલીમાં તરબોળ થવા માટે આ નૂતન પ્રકાશન એક સચોટ માધ્યમ છે. પૂર્વે અનંત ભક્તોએ જે લીલાસુખ માણ્યું, તે જ અલૌકિક અનુભૂતિ આ પુસ્તકના પાને-પાને કંડારાયેલી છે. શ્રીહરિના ચરિત્રોનું સુખ મેળવવા અને સત્સંગની દૃઢતા કરવા માટે પુસ્તક આજે જ વસાવો...

**પ્રાપ્તિસ્થાન : SMVS** સંસ્થાના તમામ બુકસ્ટૉલ ઉપર ઉપલબ્ધ



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભકતોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભકતોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા :
**"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુકતની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

એક વખત સદ્. મુક્તાનંદ સ્વામીએ
આપણને શાંતિનો ઉપાય જણાવવા શ્રીહરિને પૂછ્યું,
"હે મહારાજ ! આપે કૃપા કરી આપનું સ્વરૂપ ઓળખાવ્યું.
કલ્યાણનો રાજમાર્ગ બતાવ્યો છતાં
અંતરમાં અશાંતિ અને અસુખ વર્તે છે
તો અંતરમાં શાંતિ થાય તેનો ઉપાય બતાવો."
ત્યારે શ્રીહરિ બોલ્યા, "અમે છપૈયામાં પ્રગટ થયા,
બાળચરિત્રો કરી અસુરોનો પરાભવ કર્યો,
માતાપિતાને દિવ્ય ગતિ પમાડી ગૃહત્યાગ કર્યો,
સાત વર્ષ વનવિચરણમાં અનેક જીવનાં કલ્યાણ કરી
લોજપુરને વિષે આવ્યા...આવા અમારા ચરિત્રનું ગાન કરવાથી
અંતરમાં શાંતિનો અનુભવ થાય છે." આવી રીતે શાંતિનો
ઉપાય શ્રીહરિએ પોતાના અલૌકિક ચરિત્રનું
ગાન કરવું એ જ જણાવ્યો છે.

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા

978-81-979369-0-6
BG031